કાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨, ૨૯૩૯૧૧
ફેક્સ નં. (૨૮૩૨) ૨૩૫૦૧૨
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org
વેબ-kskvkachchhuniversity.org

રેફ.નં.: ક.યુ./E.C.- મિનિટ્સ/૦૮/ તા.૨૨/૧૨/'૦૮

પ્રતિ,

........................................

........................................

........................................

**વિષય :-** તા.૮/૧૨/'૦૮ નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉનિસલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૮/૧૨/'૦૮ના રોજ એકઝીકયુટીવ કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે સવારે ૧૧:૦૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના જાણ સારૂં:

૧. માન. કુલપતિશ્રીના અંગત મદદનીશ તરફ

૨. સંબંધિત ફાઈલે.

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૦૮/૧૨/'૦૮ નાં રોજ ૧૧:૦૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

---

આજ રોજ **તા.૦૮/૧૨/'૦૮** નાં રોજ સવારે **૧૧:૦૦** કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>પ્રમુખશ્રી, માંડવી નગરપાલિકા. | ગેર હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |

| | |
|---|---|
| ડૉ. દર્શનાબેન ધોળકિયા<br>પ્રોફેસર અને હેડ, ગુજરાતી વિભાગ,<br>કચ્છ યુનિવર્સિટી ,ભૂજ. | હાજર |
| ડૉ. તુષારભાઈ હાથી<br>રીડર, અર્થશાસ્ત્ર વિભાગ,<br>કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

**૧. ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે તેને બહાલી આપવામાં આવેલ.

**૨. કાર્બન ક્રેડિટસ અને ડ્રીપ ઈરીગેશન બાબતે યુનિવર્સિટી દ્વારા તા.૨૭/૧૧/'૦૮ ના યોજાયેલ બ્રેઈન સ્ટ્રોમિંગ સેશન બાબતેનો રિપોર્ટ તથા તેની ઉપર ચર્ચા વિચારણા અને નિર્ણયઃ**

સર્વે ઉપસ્થિત સભાના સભ્યશ્રીઓને કાર્બન ક્રેડિટસ તથા ડ્રીપ ઈરિગેશન બાબતે તા.૨૭/૧૧/'૦૮ નાં રોજ યોજાયેલ કાર્યક્રમ બાબતે રજીસ્ટ્રાર તથા માન. કુલપતિશ્રી દ્વારા માહિતગાર કરવામાં આવ્યા હતા અને સભામાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ ચર્ચામાં વોટર શેડ મેનેજમેન્ટ જેવા અભ્યાસક્રમો શરૂ કરવા વિચારણા થયેલ. તેજ રીતે ૧૦–૧૨ ધોરણ પાસ વિદ્યાર્થીઓ – વાલીઓ વગેરે માટેના સમાજપયોગી અભ્યાસક્રમોના સર્ટીફિકેટ કોર્ષ શરૂ કરી શકાય.

M.A. in Sustainable Development જેવા એક – બે વર્ષના અભ્યાસક્રમો શરૂ કરી શકાય વગેરે જેવી ચર્ચા વિચારણાના અંતે નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવ્યો.

ઠરાવ :૧ **આથી ઠરાવવામાં આવે છે વોટરશેડ મેનેજમેન્ટ જેવા સર્ટીફિકેટ, ડિપ્લોમા કે એડવાન્સ ડિપ્લોમા જેવા સમાજોપયોગીઅભ્યાસક્રમો શરૂ કરવા તેમજ M.A. in Sustainable Development જેવા અભ્યાસક્રમો શરૂ કરવા તજજ્ઞો સાથે મળીને કોર્ષ ડીઝાઈન તૈયાર કરવા.**

**ઉપરોક્ત અભ્યાસક્રમો શરૂ કરવા આથી સૈદ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.**

**૩. જી.એમ.ડી.સી. કોલેજ, નખત્રાણાની જમા ડીપોઝીટની રકમમાંથી રાજય સરકારશ્રીના તા.૨૧/૧૨/'૦૧ ઠરાવ મુજબની રકમ જમા રાખી અન્ય રકમ પરત આપવા ટ્રસ્ટના વિનંતી વાળા પત્ર બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણયઃ**

જી.એમ.ડી.સી. કોલેજ, નખત્રાણાની ડીપોઝીટની જમા રકમમાંથી ાજય સરકારશ્રીના ઠરાવ ક્રમાંક : ................................... મુજબની રકમ જમા રાખી અન્ય રકમ પરત કરવા સંસ્થાની અરજી બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

ઠરાવઃ૨ **આથી ઠરાવવામાં આવે છે કે જી.એસ.ડી.સી. કોલેજ, નખત્રાણાના યુનિવર્સિટીમાં જમા ડીપોઝીટમાંથી રાજય સરકારના ઠરાવ .............................. મુજબની રકમ કોલેજ શરૂ થયાના વર્ષથી વ્યાજ સહિત જમા રાખી બાકીની નિયમોનુસારની રકમ પરત કરવામાં આવે.**

**૪. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટયુટ, સાપેડાની તપાસ સમિતિના રિપોર્ટ અન્વયે ચર્ચા વિચારણાઃ**

ઠરાવઃ૩ **ચર્ચા વિચારણાના અંતે સર્વાનુમતે નિર્ણય સ્થગિત રાખવામાં આવે છે.**

**૫. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટિટયુટ, સાપેડાના વિદ્યાર્થીઓની વધુ ફી લેવાતી હોવા બાબતે મળેલ લેખિત ફરિયાદ તેમજ એફિડેવીટ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણયઃ**

કર્મ નિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડા મધ્યે ચાલતા અભ્યાસક્રમોમાં વધુ ફી લેવાય છે તેવી રજુઆતો અન્વયે યુનિવર્સિટીને જાણવા મળેલ મુદાઓ નીચે મુજબ છે.

૧. કર્મ નિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે., ઇન્સ્ટીટયુટ, સાપેડાની મળેલ ફરિયાદ અનુસંધાને યુનિવર્સિટી દ્વારા, પ્રથમ સંસ્થા પાસેથી રિમાર્કસ માંગવામાં આવેલ, જેના ખુલાસાઓ સંસ્થા યોગ્ય રીતે આપી શકેલ નહી.

૨. એકઝીકયુટીવ કાઉન્સિલને ઉપર્યુકત ફરિયાદમાં તથ્ય જણાતા, કાઉન્સિલે તા.૧૫/૦૫/'૦૮ ની મિટીગમાં એક " તપાસ સમિતિ " ની નિમણુંક કરી, તેણે તા.૧૯/૦૫/'૦૮ નાં રોજ સદર સંસ્થાની મુલાકાત લીધેલ, આ મુલાકાત દરમ્યાન થયેલ કાર્યવાહી અન્વયે ફી રસીદ,ડોનેશન રસીદ વગેરે બાબતે " પાછળથી મોકલી આપીશું " તેવો જવાબ સંસ્થા વતી મળેલ અને પાછળથી તપાસ સમિતિના સભ્યશ્રીને તે સોપતા તપાસ સમિતિએ તા.૧૪/૦૬/'૦૮ નાં રોજ રિપોર્ટ યુનિવર્સિટીને સોપેલ.

૩. તપાસ સમિતિના રીપોર્ટમાં જણાવેલ મુખ્ય મુદાઓઃ– ડોનેશનની રસીદો તથા ફી ની રસીદો (અસલ) માંગવા છતાં સંસ્થાએ તે પુરી પાડેલ ન હતી તેમ જણાવેલ. – ગ્રંથાલયમાં પુરતા પુસ્તકો

નથી. – જે ફી રસીદો આપવામાં આવેલ હતી તેમાં બી.સી.એ. ની ફી રૂા.૧૦,૦૦૦/– ના સ્થાને રૂા.૧૫,૦૦૦/– વસુલવામાં આવેલ છે. તે દેખાઈ આવે છે. – ઓડિટ રિપોર્ટમાં રૂપિયા ૫૪ લાખ ડોનેશન પેટે દર્શાવેલ છે જે બાબતે તપાસ સમિતિએ ડોનેશન રસીદો મંગાવવાની ભલામણ કરેલ.

૪. આ તપાસ સમિતિનાં સભ્યશ્રીઓ, કે જેઓ એકઝીકયુટીવ કાઉન્સિલનાં પણ સભ્યશ્રીઓ છે તેમણે તા.૨/૬/'૦૮ ના રોજની એકઝીકયુટીવ કાઉન્સિલની સભામાં સદર સંસ્થા ડોનેશન લે છે અને નિયત થયેલ ફીની રકમ કરતા વધુ ફી વસુલે છે તેવી રજુઆત કરેલ, જેના અનુસંધાને એકઝીકયુટીવ કાઉન્સિલે તેના ઠરાવ નંબર :– ૨ થી બી.બી.એ., બી.સી.એ. અભ્યાસક્રમોમાં કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિ ( સેન્ટ્રલાઈઝડ એડમિશન સિસ્ટમ ) એ કાર્યવાહી હાથ ધરવાનો નિર્ણય કરેલ, જેની જાણ પણ સદર સંસ્થાને તા.૦૨/૦૬/'૦૮ ના પત્ર થી કરવામાં આવી હતી.

૫. એકઝીકયુટીવ કાઉન્સિલ દ્વારા કેન્દ્રીય પ્રવેશ કાર્યવાહી હાથ ધરવામાં આવશે તે અંગેની જાણ થતાં, સદર સંસ્થાએ નામદાર હાઈકોર્ટમાં યુનિવર્સિટીનાં આ નિર્ણયને પડકારેલ.

૬. યુનિવર્સિટીએ આ કેસ અન્વયે નામદાર હાઈકોર્ટમાં ડોનેશન અને વધુ ફી વસુલાય છે તેવી એફિડેવીટ ફાઈલ કરાવેલ. પરિણામે નામદાર હાઈકોર્ટ દ્વારા સંસ્થાને ડોનેશન અને ફીની રસીદો કોર્ટમાં રજુ કરવાનો આદેશ આપવામાં આવેલ.

૭. વિદ્યાર્થીઓ / વાલીઓ પાસેથી વધુ વસુલાતી ફી ની રસીદો નામદાર હાઈકોર્ટમાં રજુ રવાની હોવાથી સંસ્થાએ આ કેસ તા.૩૦/૦૬/'૦૮ નાં રોજ વિથ–ડ્રો કરેલ, અને સંસ્થા એકઝીકયુટીવ કાઉન્સિલ દ્વારા લેવાયેલ નિર્ણય અન્વયે કેન્દ્રીય પ્રવેશ પધ્ધતિથી પ્રવેશ કાર્યવાહીમાં જોડાયેલ.

૮. યુનિવર્સિટી દ્વારા અવાર નવાર સદર સંસ્થા પાસે વસુલ કરવામાં આવેલ ડોનેશન, ફીની રસીદો અને ઓડિટ કરાયેલ રીપોર્ટ સંસ્થાએ કોલેજ શરૂ કર્યાના વર્ષથી રજુ કરવા જણાવવામાં આવેલ આમ છતાં સંસ્થાએ આજ દિન સુધી યુનિવર્સિટી સમક્ષ આ વિગતો રજુ કરેલ નથી.

૯. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસઆરકે. ઈન્સ્ટીટયુટ ઓફ સોશયલ સાયન્સમાં ચાલતા એમ.એસ.ડબલ્યુ. અને એમ.અલ.ડબલ્યુ. અભ્યાસક્રમોનાં કેટલાક વિદ્યાર્થીએ તેમની પાસેથી પણ ફરજીયાત, ધાક ધમકીથી ડોનેશન લેવામાં આવેલ છે તેવી એફિડેવીટ માન.કુલપતિશ્રી પાસે રજુ કરેલ છે.

૧૦. જે વિદ્યાર્થીઓએ આ બાબતે એફિડેવીટ રજુ કરેલ છે તેમની રૂબરૂ રજુઆત મુજબ ઈન્ટરનલ માર્કસ સંસ્થાનાં હાથમાં હોવાથી અને સંસ્થા દ્વારા ધાક ધમકીનાં કારણે આ અગાઉ તેમણે એફિડેવીટ, પોતાની શૈક્ષણિક કારકીર્દીને ધ્યાને રાખતા કરેલ નથી પરંતુ હાલે તેઓએ સંસ્થા મુકી દીધી હોય આ એફિડેવીટ રજુ કરેલ છે.

૧૧. સંસ્થાના વિધાર્થીઓ દ્વારા એફિડેવીટ કે લેખિતમાં વધુ ફી લેવાતી હોવાની અરજીઓ તથા ફી ની અપાતી પહોંચ કે જેમાં એસ.આર.કે. ઇન્સ્ટીટયુટના નામની ફી તથા કર્મ નિકેતન ટ્રસ્ટના નામની પહોંચો સામેલ છે. જે વિધાર્થીઓ – વાલીઓ દ્વારા રજુ કરવામાં આવેલ છે તેની નકલો આ સાથે સામેલ છે.

૧૨. કેન્દ્રીયકૃત પ્રવેશ પધ્ધતિ અન્વે સંસ્થા દ્વારા નામદાર હાઈકોર્ટમાં કેસ દાખલ કરવામાં આવ્યો ત્યારે કેસ દરમ્યાન થતી રજુઆતોમાં સંસ્થા દ્વારા થયેલ એફીડેવીટમાં સંસ્થા દ્વારા ડોનેશન સ્વિકારવામાં આવેલ છે તેવું સ્ટેટમેન્ટ કરવામાં આવેલ છે. જે બતાવે છે કે સંસ્થાએ રાજ્ય સરકારશ્રીના ઠરાવ ક્રમાંકઃયજન–૧૦૨૦૦૧–૨૮–ખ.૧, તા.૨૧/૧૨/૨૦૦૧ ના નમુના – ક કે જે રાજય સરકારશ્રી સાથેનું એકરારનામુ છે તેની શરત ૫(૧૦) નો ભંગ કરેલ છે.

૧૩. યુનિવર્સિટી દ્વારા નકકી કરાયેલ ફી ના જોડાણ સંદર્ભે શરત – ૧૭ યુનિવર્સિટીએ નિયત કરેલ પ્રવેશ પધ્ધતિ સહિત નિયત ફી ના ધોરણો સાથે વિધાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તેવી જોડાણ સંબંધી જોગવાઈની બાંહેધરી આપવા છતાં ભંગ કરેલ છે.

**ઠરાવ :૪** **કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈસ્ટિટયુટ, સાપેડા કે જેમાં બી.બી.એ, બી.સી.એ., એમ.એસ.ડબલ્યુ, એમ.એલ. ડબલ્યુ જેવાં અભ્યાસક્રમો ચાલી રહયાં છે તે સંસ્થાની આ સમક્ષ મૂકવામાં આવેલ તમામ વિગતો અને નોંધ જોતાં સંસ્થાએ યુનિવર્સિટીની જોડાણની શરતોનો તેમજ રાજય સરકારશ્રી સાથે ડીડ ઓફ ડિકલેરેશન (એકરારનામુ) ની કલમ ૫(૧૦) નો ભંગ કરેલ છે. તે જોતાં સંસ્થાને આપેલ એફિલીયેશન રદ્દ કરવા સમાન છે. આ અંગે આ સભા આ સાથે નકકી કરે છે કે હવે પછીની તમામ કાર્યવાહી એટલે કે સંસ્થાને આ અંગે નોટીશ આપવાની તથા તેમની પાસેથી લેખિતમાં ખુલાશો માંગ્યા બાદ યુનિવર્સિટી એકટની જોગવાઈઓ મુજબ એકિઝકયુટીવ કાઉન્સિલે આગળની કાર્યવાહી કરવાની રહેશે.**

**આ ઉપર્યુકત ઠરાવ એકિઝકયુટીવ કાઉન્સિલના મેમ્બરશ્રી મહેશભાઈ આહિરના વિરોધ સાથે અન્ય ઉપસ્થિત સભ્યોની સહમતિથી પસાર કરવામાં આવે છે.**

અધ્યક્ષ સ્થાનેથી નીચે જણાવ્યાનુસારના મુદ્દાઓ ઉપસ્થિત થયેલ.

૧. કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડા કે જેમા B.B.A., B.C.A., M.S.W., M.L.W. જેવા અભ્યાસક્રમો ચાલી રહયાં છે તે સંસ્થાની આ સમક્ષ મુકવામાં અવેલ તમામ વિગતો જોતાં સંસ્થાએ યુનિવર્સિટીની જોડાણની શરતોનો તેમજ રાજય સરકારશ્રીને આપેલ બાંહધરીઓનો ભંગ કરેલ છે.

તે જોતાં સંસ્થાની આપેલ એફિલીએશન રદ્દ કરવા સમાન છે. એટલા માટે આ સંસ્થાને સાંભળ્યા બાદ તે અંગે નિર્ણય કરવામાં આવશે અને આ અંગે આ સભા આ સાથે નકકી કરે છે કે હવે પછીની તમામ કાર્યવાહી એટલે કે સંસ્થાને આ અંગેની નોટીસ આપવાની તથા તેમની પાસેથી લેખિતમાં ખુલાશો માંગ્યા બાદ અને તેમને સાંભળવાની તક આપ્યા બાદ માન. કુલપતિશ્રી નિર્ણય લે તેવું સભા નકકી કરે છે અને તે અંગેની પૂરેપૂરી સત્તા કુલપતિશ્રીને આપવામાં આવે છે.

કર્મનિકેતન ટ્રસ્ટ સંચાલિત એસ.આર.કે. ઈન્સ્ટીટયુટ, સાપેડા દ્વારા યુનિવર્સિટીના નિયમ કરતા વધુ ફી લેવાતી હોવાની મળેલ માહિતી/ રજૂઆતના અનુસંધાને માન. કુલપતિશ્રી દ્વારા તા.૫/૧૨/'૦૮ નાં રોજ સંબંધિત સંસ્થાના વિદ્યાર્થીઓ –વાલીઓ તથા મેનેજમેન્ટના સભ્યશ્રીઓની સંયુકત બેઠક બોલાવવામાં આવેલ.

આ મિટિંગ કેટલીક વ્યકિતઓ દ્વારા અવ્યવસ્થા સર્જી ગેરવ્યાજબી શબ્દોનો ઉલ્લેખ કરી યુનિવર્સિટીના માન. કુલપતિશ્રી તથા રજીસ્ટ્રારને ધકકે ચડાવી, તોફાનો કરી રજૂઆતો ન થવા દેવા માટે ધાક–ધમકી કરવાનો જે બનાવ બન્યો છે તે શિક્ષણ જગત માટે અત્યંત દુઃખદ છે અને આ ઘટનાને આ સભા સખત શબ્દોમાં વખોડે છે.